# ૧૦ ડિસેમ્બર માનવ અધિકાર દિવસ.....

## "ના મારી ના તારા હિતની વાત કરીએ,
## ચાલો આપણાં માનવ અધિકારોની વાત કરીએ"

ભારત દેશ એ બિનસાંપ્રદાયિક અને લોકશાહીના મૂલ્યોને વરેલો દેશ છે. ભારતીય બંધારણ એકતા, સમાનતા અને માનવ અધિકારોના મૂલ્યોને સંલગ્ન તમામ બાબતોને આવરી લે છે તેમ છતાં આપણાં દેશમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાઓ અને ધાર્મિક રૂઢીઓ અત્યારે પણ માનવ અધિકારોની ઉપેક્ષા કરતી રહી છે. જેમાં જાતિ, વર્ણ, ધર્મ, લિંગ અને પ્રદેશના નામે એકબીજાની સાથે ભેદભાવ કરવામાં આવે છે. તેને કારણે વારંવાર વ્યક્તિગત કે સમૂહો વચ્ચે આંતરિક સંઘર્ષો થાય છે. આ વર્ષે માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાને ૬૬ વર્ષ પૂર્ણ થયા છે, પરંતુ માનવ અધિકારોની વાત કરીએ તો આપણે બિનસાંપ્રદાયિક અને લોકશાહીના મૂલ્યો આધારિત દેશમાં મનુષ્યોની તેમના જાતિ, વર્ણ, ધર્મ, લિંગ અને પ્રદેશના નામે માનવ અધિકારોનું સતત હનન થતું આવ્યું છે જે આપણાં દેશની ગરીમાને તથા બંધારણના મૂલ્યોને નુકશાનકારક છે.

### -: એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટીસની ઓળખ :-

એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટિસ બિનસાંપ્રદાયિક ભારતના બંધારણના મૂલ્યોને વરેલું સંગઠન છે. ગુજરાતની પાંચ સંસ્થાઓ અને મૂંબઈની એક સંસ્થા દ્વારા સાથે મળીને આ મંચની રચના ૨૦૧૨ માં કરવામાં આવી. મંચનો મુખ્ય હેતુ સમાજના છેવાડાના અને ધાર્મિક લઘુમતીઓ જે મુખ્ય વિકાસના પ્રવાહની બહાર રહી ગયા છે તેમને બંધારણના મૂલ્યોને આધીન રહી સર્વાંગી વિકાસના પ્રવાહમાં જોડવા, તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી, તેમને મળવાપાત્ર સુવિધાઓ અને હક્ક તેમના સુધી પહોંચે તે માટે તેઓને શિક્ષિત, જાગૃત અને સક્ષમ કરી સમાનતાનું વાતાવરણ ઉભું કરવું.

એ.પી.જે. અત્યારે ગુજરાતનાં ૨૧ જિલ્લાઓના ૪૬ તાલુકાઓમાં કુલ ૪૨૨ ગામોમાં કાર્ય કરી રહ્યું છે. જેમાં બાળકો યુવાનો બહેનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરકારી વિભાગો અને ધાર્મિક આગેવાનોને આ કાર્યક્રમમાં જોડવામાં આવ્યા છે.

### -: માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા :-

સને ૧૯૪૮ ના ડિસેમ્બર મહિનાની ૧૦ તારીખે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનો સ્વીકાર કરી તેની જાહેરાત કરી અને તેની સંપૂર્ણ યાદી આપવામાં આવી છે આ ઐતિહાસિક ઘટનાના અનુસંધાનમાં સભાએ સભ્યદેશોને આ ઘોષણાની યાદી પ્રસિદ્ધ કરવાની અને "દેશ–પરદેશની" રાજકીય સ્થિતિને આધારે કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વિના મુખ્યત્વે શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો પ્રચાર પ્રસાર કરવા અને પ્રદર્શિત કરવા વિનંતી કરવામાં આવી હતી.

– એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટીસ દ્વારા પ્રકાશિત

## -: માનવ અધિકારોની વિશ્વવ્યાપી પ્રસ્તાવિક ઘોષણા :-

◈ પરિવારના તમામ સભ્યોને જન્મજાત ગૌરવ અને સમાન અધિકારની સ્વીકૃતિ વિશ્વ શાંતિ, ન્યાય અને સ્વતંત્રતાનો પાયો છે.

◈ અધિકારોની ઉપેક્ષા અને અપમાન કરવાથી એવા જંગલી કૃત્યો પરિણમ્યા છે કે જેણે જાતના અંત:કરણમાં બળવો જગાવ્યો છે. સામાન્ય લોકો માટે એવા સમાજની રચના કરવાની જાહેરાત કરવામા આવી છે. જેમાં લોકોને વાણી અને વિચારની સ્વતંત્રતા હોય તથા ભય તથા આઘાતમાંથી મુક્તિ મેળવી શકે. જો માણસને આખરી ઉપાય તરીકે દમન અને અત્યાચાર સામે બળવો પોકારવાનો કે આશ્રય તથા મદદ ન લેવી હોય તો કાયદાની સત્તા દ્વારા અધિકારોને રક્ષણ આપવું જોઈએ.

◈ રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોનો વિકાસ કરવાનીં જરૂરી છે.

◈ સંયુક્ત રાષ્ટ્રોના ઘોષણાપત્રમાં મૂળભૂત અધિકારો તરીકેની પ્રતિષ્ઠા અને મૂલ્યો તથા સ્રી – પુરુષોના સમાન અધિકારો હોવા જોઈએ તે નિશ્ચિત કર્યું છે. બહોળા સ્તરે સ્વતંત્ર રીતે સામાજિક પ્રગતિ અને ઉચ્ચ જીવન ધોરણ તરફ લોકોને લઈ જવાનો નિશ્ચય કર્યો છે.

◈ સભ્ય રાજ્યોએ સંયુક્ત રાષ્ટ્રોના સહકર્મ માનવ અધિકારોના અને મૂળભૂત સ્વતંત્રતાઓના ખ્યાલો લોકોના મનમાં ઉતરે અને લોકો તેનું પાલન કરે તેવી પ્રતિજ્ઞા લીધી છે.

◈ આ પ્રતિજ્ઞાની સંપૂર્ણપ્રાપ્તિ માટે આવા અધિકારો અને સ્વતંત્રતાઓની સામાન્ય સમઝણ હોવી એ ખૂબ જ મહત્વનું છે.

◈ બધા જ લોકો અને રાષ્ટ્રો માટે માનવ અધિકારોની આ વિશ્વવ્યાપી ઘોષણાનો હેતુ એ છે કે દરેક વ્યક્તિએ સમાજનું દરેક અંગ આ ઘોષણાને સતત ધ્યાનમાં રાખીને જાગૃતિ અને શિક્ષણ દ્વારા આ અધિકારો એ સ્વતંત્રતાઓ માટે સ્વીકારવાની/અપનાવવાની લાગણી ઉભી થાય અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રગતિશીલ ઉપાયો દ્વારા લોકોમાં સર્વસામાન્ય અને અસરકારક સ્વીકાર અને પાલન કરાવવા માટે પ્રયત્ન કરશે.

**આપણે બધા ભેગા મળીને ભારત દેશના લોકતંત્રને મજબૂત કરવા એક થઈએ અને આજ રોજ માનવ અધિકાર દિવસે સંકલ્પ કરીએ કે આપણે તમામ વ્યક્તિઓનાં માનવ અધિકારોનું રક્ષણ કરીશું.**

## -: સૌથી ખતરનાક :-

મહેનતની લૂંટ સૌથી ખતરનાક નથી હોતી, પોલીસનો માર સૌથી ખતરનાક નથી હોતો,
ગદ્દારી–લોભીની મુઠ્ઠી સૌથી ખતરનાક નથી હોતી, બેઠાંબેઠાં પકડાઇ જવું ખરાબ તો છે,
ભયાનક મૌનમાં જકડાઇ જવું ખરાબ તો છે, પરંતુ સૌથી ખતરનાક નથી હોતું.
સૌથી ખતરનાક હોય છે,
મડદા સમાન શાંતિથી સૂઈ જવું, ન હોવું તડપનું ને બધુ સહન કરી લેવું,
ઘરે થી નીકળવું કામ પર અને, કામે થી ચૂપચાપ ઘરે આવી જવું,
સૌથી ખતરનાક એ દિશા હોય છે, જેમાં આત્માનો સૂરજ ડૂબી જાય છે.
સૌથી ખતરનાક હોય છે..... આપણા સપનાઓનું મરી જવું...........

- શહિદ કવિ અવતારસિંહ પાશ

**સંપર્ક : એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટિસ C/O, સેન્ટર ફોર ડેવલોપમેન્ટ,**
**બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.**
**E-mail : apjindia2012@gmail.com**